# કોરોના વેક્સીન : સરકાર જાગૃત છે, લોકોએ જાગૃત બનવાનું છે

સમગ્ર રાજ્ય જ નહિ, દેશ અને વિશ્વમાં પણ કોરોનાની મહામારી ફેલાયેલ છે. તેનાથી બચવા સરકાર અને પ્રજાએ ગંભીરતા રાખી એકબીજા પર વિશ્વાસ મૂકી ઘણાં પ્રયત્નો કર્યા. ગુજરાતના આરોગ્ય વિભાગે કપરા સમયમાં ખૂબ જ ગંભીર અને સવેદનશીલ બનીને જે કામગીરી કરી છે તે સરાહનીય, અભિનંદનીય છે. આ મહામારીમાં ડોક્ટર્સ, નર્સ, પોલીસ, શિક્ષકો, સફાઈકામદારો વગેરેએ પોતાની જવાબદારી પૂરી નિષ્ઠાથી નિભાવી. માટે જ દુનિયામાં સૌથી ગીચ વસ્તી ધરાવતા આપણા દેશમાં ધાર્યા કરતાં કોરોનાને ફેલાવાનો અવકાશ ઓછો મળ્યો.

કોરોનાને નાથવા માટે સમગ્ર વિશ્વએ પ્રયત્નો કર્યા. પણ તેને નાબૂદ કરવા કે સંપૂર્ણ કંટ્રોલ કરવાનું હજુ બાકી છે. આ પ્રયત્નોમાં જુના પ્રયત્નોની સાથે એક નવો પ્રયત્ન છે - રસીકરણ. ભૂતકાળને યાદ કરીએ તો વિશ્વમાંથી અને આપણા દેશમાંથી ઘણી બીમારીઓ રસીકરણથી નાબુદ થયેલ છે અથવા તો કંટ્રોલ થયેલ છે. ભારતમાં બનનારી રર્સીઓમાંથી ભારત બાયોટેક ઇન્ટરનેશનલ લિમિટેડ – હૈદરાબાદની કોવેક્સિન, સીરમ ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડિયા-પૂનાની કોવિશિલ્ડ, ઝાયડસ કેડિલા હેલ્થકેર લિમિટેડ –અમદાવાદની ઝાયકોવ-ડી અને ડો.રેડ્ડીસ લેબ- હૈદરાબાદની સ્પુતનિક –૫ મુખ્ય છે. જેમાં એક રસી ફેઝ-૨ માં અને ત્રણ રસી ફેઝ-૩માં છે. ફેઝ-૩ની રસીએ ઇમર્જન્સી ઉપયોગ માટે સરકાર પાસે મંજુરી માંગી લીધી છે. જેથી ટૂંક સમયમાં કોવીડ-૧૯ ની રસી દેશમાં સૌ કોઈને ઉપલબ્ધ થશે.

દેશમાં રસીકરણ માટે કેન્દ્ર સરકારે નેશનલ એક્સપર્ટ ગૃપ ઓન વેક્સીન ઇમ્પલીમેન્ટેશન ફોર કોવિડ-૧૯ ની રચના કરેલ છે. જેના માર્ગદર્શન નીચે બધા જ રાજ્યોએ પ્રયત્નો શરુ કરી દીધા છે. ગુજરાતની વાત કરીએ તો રસીકરણ માટે રાજ્ય કક્ષાએ મિશન ડાયરેક્ટર, જીલ્લા કે કોર્પોરેશન કક્ષાએ કલેક્ટર કે મ્યુનિ. કમિશ્નરને નોડલ અધિકારી બનાવેલ છે. રાજ્ય કક્ષાએ મુખ્ય સચિવની અધ્યક્ષતામાં કાર્યક્રમની પ્રગતિના રીવ્યુ માટે અઠવાડિયામાં એકવાર સ્ટેટ સ્ટીયરીંગ કમિટીની મિટીંગ તથા આરોગ્યના અગ્રસચિવની અધ્યક્ષતામાં સ્ટેટ ટાસ્ક ફોર્સની મિટીંગ કરવામાં આવે છે. રાજ્યના તમામ ૩૩ જિલ્લા અને ૮ કોર્પોરેશન ખાતે જિલ્લા કે કોર્પોરેશન ટાસ્ક ફોર્સની મિટીંગ તથા તમામ ૨૭૨ તાલુકા કે ઝોનમાં ટાસ્ક ફોર્સની અઠવાડિક મિટીંગ કરવામાં આવે છે.

ગુજરાતમાં કોવિડ-૧૯ રસીકરણ માટે ઝોન કક્ષાના ૬ વેકસીન સ્ટોરેજ સ્ટોર, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાના ૪૧ સ્ટોર તથા કોલ્ડ ચેઇન ૨૧૮૯ પોઇન્ટ હાલની પરિસ્થિતિએ તૈયાર રાખ્યા છે. આ તમામ સ્ટોર ખાતેના સાધનોનું તાંત્રિક ઓડિટ કરવામાં આવેલ છે. રસીને ખૂબ જ નીચા તાપમાનમાં રાખવા માટે ૧૬૯ આઈસ લાઈન્ડ રેફ્રિજરેટર ભારત સરકારમાંથી પ્રાપ્ત થયેલ છે. બે વધારાના વોક-ઈન-કુલર , એક વોક-

ઈન-ફ્રીઝ અને અને ૩૦ ડીપ ફ્રીજ   પ્રાપ્ત થનાર છે. અત્યારે ગુજરાતમાં ચાલતા માતા અને બાળકોના રસીકરણ કાર્યક્રમ માટે ૧.૨૫ કરોડ રસીના ડોઝનો સંગ્રહ કરી શકાય છે . આ ઉપરાંત બીજી ૧ કરોડથી વધુ કોવિડ-૧૯ રસીના ડોઝનો સંગ્રહ કરવાની ક્ષમતા હાલની પરિસ્થિતિએ ગુજરાતમાં છે.

ભારત સરકારની ગાઇડલાઇન મુજબ પ્રથમ તબક્કામાં ત્રણ જુથોને પ્રાધન્ય આપીને તેમને રસી આપવામાં આવશે. આ જૂથોમાં પ્રથમ ક્રમે આરોગ્ય કાર્યકર એટલે કે કોરોના સાથે કામ કરનાર ડોક્ટર, નર્સ કે હોસ્પિટલનો અન્ય સ્ટાફ પછી તે સરકારી હોય કે ખાનગી હોય. ત્યારબાદ ફ્રન્ટલાઇન વર્કર જેમાં પોલીસ વિભાગ અને શહેરી વિકાસ વિભાગનો સમાવેશ કરવામાં આવેલ છે. ત્રીજા નંબરે આવે છે  ૫૦ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકો તથા ૫૦ વર્ષથી ઓછી ઉંમરના પણ ચોક્કસ બિમારી ધરાવતા લોકો. આ તમામને રસી આપવા માટે સરકાર દ્વારા હોસ્પિટલ, ઓફિસો અને ઘેર ઘેર ફરીને ડેટાબેઝ તૈયાર કરી દેવામાં આવ્યો છે. સાથે સાથે રાજ્યની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, આંગણવાડી સ્ટાફને પણ આવરી લીધો છે. આજ દિન સુધી કુલ ૪.૩૧ લાખ હેલ્થ કેર વર્કરોની માહિતિ એકઠી કરવામાં આવેલ છે. ઉપરાંત ખાનગી હોસ્પિટલમાં કોઈ બાકી રહી ના જાય તેની કાળજી પણ રાખવામાં આવી છે. સાથે જ કુલ ૬.૯૩ લાખ ફ્રન્ટલાઇન વર્કરો, ૫૦ વર્ષથી વધુ ઉંમરના ૧.0૩ કરોડ અને ૫૦ વર્ષથી ઓછી ઉંમરના ચોક્કસ બિમારી ધરાવતા કુલ ૨.૬૭ લાખ વ્યક્તિઓની માહિતી તૈયાર કરવામાં આવેલ છે. કોવિડ રસીકરણ કાર્યક્રમ માટે ગુજરાતમાં ૧૬ ,૦૦૦ જેટલા વેક્સીનેટરની ઓળખ કરીને તૈયાર રાખવામાં આવ્યા છે. ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ૧ દિવસમાં ૧ સેશન સાઇટ પર ૧૦૦ જેટલા લાભાર્થીને રસી આપી શકાશે. જે મુજબ દૈનિક ૧૬ લાખ જેટલા લાભાર્થીને રસી આપી શકાશે.

ભારત સરકાર દ્વારા કોવિડવેક્સીન અને લાભાર્થીઓના ટ્રેકીંગ માટે કોવિન સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. આ સોફ્ટવેરમાં અત્યારે  જિલ્લા અને કોર્પોરેશન દ્વારા  સેશન સાઇટ અને વેક્સીનેટરની માહિતિ તૈયાર રાખવામાં આવેલ છે. જેથી જયારે રસી આપવાની કામગીરી શરૂ થાય ત્યારે કશું શોધવા જવું ના પડે અથવા તો રસી આપનાર વ્યક્તિ અને સંસ્થા તેમજ  લેનારની માહિતી હાથવગી જ હોય.   રસી ઉપલબ્ધ થતા સરકારની સૂચના મળે તમામ લોકોએ આ સોફ્ટવેરમાં રજીસ્ટ્રેશન કરવી લેવાનું રહેશે. જેને રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તેને જ રસી મળશે. સોફ્ટવેરમાં તમામ સેશન સાઇટ પર ૧૦૦ લોકોને રસી આપવામાં આવશે. તમામ લાભાર્થીને રસીકરણ સ્થળનું સરનામું અને રસીકરણના સ્થળ વિશે  એસ.એમ.એસ.થી જાણ કરવામાં આવશે. રસી મુકાયા અંગેની જાણ અને સર્ટીફિકેટ માટેની લીંક એસ.એમ.એસ. દ્વારા મોકલવામાં આવશે. પ્રાધન્ય જુથોને રસી આપ્યા બાદ તમામ નાગરિકને રસી ઉપલબ્ધ કરાવવામાં આવશે અને તેની માર્ગદર્શિકા ભારત સરકારમાંથી ઉપલબ્ધ થતા જાહેર જનતાને રાજ્ય સરકાર દ્વારા માહિતિ આપવામાં આવશે. હાલ જે રસીઓ છેલ્લા ટ્રાયલ ફેઝમાં છે તેના ૨ ડોઝ ૪ અઠવાડિયાના અંતરે તમામે લેવાના રહેશે. પહેલો ડોઝ જે રસીનો લીધો હશે તે જ બ્રાંડની રસીનો બીજો ડોઝ લેવાનો રહેશે. આજ દિન સુધીના ટ્રાયલમાં કોઇપણ રસીની ગંભીર આડ અસર જોવા મળી નથી જેથી કહી શકાય કે તમામને આ રસી લેવી હિતાવહ છે. નાની મોટી આડ અસરને પહોંચી વળવા તમામ વેક્સીનેશન ટીમ સુસજ્જ અને તાલીમબદ્ધ છે.

ગંભીર પ્રકારની આડ અસર માટે રાજ્ય કક્ષાએ અને તમામ જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ કમિટી બનાવવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા દેશમાં કોવિડ-19 વેક્સીનેશન પ્રોગ્રામના અમલીકરણ ની તૈયારી કેવી છે, કઈ સમસ્યાઓ ઊભી થઇ શકે તેમ છે વગેરે જાણવા માટે વેક્સીનેશનની જુદી જુદી પ્રક્રિયા માટે ડ્રાય રન કરવાનું નક્કી કરવામાં આવેલ જેમાં ગુજરાત, આસામ, આંધ્ર પ્રદેશ અને પંજાબ ની પસંદગી કરવામાં આવેલ. આ માટે ગુજરાતમાં ગાંધીનગર અને રાજકોટ જિલ્લા અને કોર્પોરેશનની પસંદગી કરવામાં આવેલ. વેક્સીનેશન માટે કુલ ૧૯ સેશન સાઇટ પર ૪૭૫ લોકોને નક્કી કરવામાં આવેલ. જે કામ બે દિવસ પહેલાં પૂર્ણ પણ થઇ ગયું. ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમની પૂર્વ તૈયારી અને કાર્યક્રમ દરમ્યાન ભારત સરકાર તરફથી મળતી માર્ગદર્શિકા તથા કાર્યક્રમના સફળ આયોજન માટે માર્ગદર્શન આપવા માટે એક એક્સપર્ટ ગૃપની રચના કરવામાં આવેલ છે. આ ગૃપ દ્વારા જાહેર જનતાને કોવિડ-૧૯ રસી અંગે અને રસીકરણ બાદની આડ અસર અંગે મુંઝવતા પ્રશ્નો વિશે લોકોને સમયાંતરે માહિતગાર કરતા રહેશે અને આરોગ્ય વિભાગને કાર્યક્રમના સફળ આયોજન માટે માર્ગદર્શન આપશે.

સરકાર દ્વારા સારી રીતે માઈક્રોપ્લાનીંગ કરવામાં આવ્યું છે ત્યારે લોકોએ અત્યાર સુધી જે વિશ્વાસ રાખીને સહકાર આપેલ હતો તેવો સહકાર રસી લેવા માટે પણ આપીશું તો જ કોરોના સામે સૌ ટકા જીત હાંસલ થશે. અત્યારે કેટલાક લોકો દ્વારા રસીનો વિવિધ કારણોસર વિરોધ થઇ રહ્યો છે, ત્યારે વિરોધના કારણો કરતા લોકોના જીવને વધારે મહત્વ આપવું જોઈએ. અહી એક બાબતની નોધ ખાસ લઈશું. કે ડોક્ટર્સને સૌ પ્રથમ રસી આપવાના મુખ્ય ત્રણ કારણો છે. પ્રથમ તો તેઓ કોરોના સાથે જ કામ કરે છે, જેથી તેમને કોરોના ના થાય. બીજું કે આ ડોક્ટર્સને ખ્યાલ છે કે, કદાચ કદાચ કોરોના રસીની આડ અસર થશે. તો પણ તેઓ જીવના જોખમે લોકોના જીવ બચાવવા સૌ પ્રથમ રસી લઇને પોતાની નૈતિક ફરજ બજાવી રહ્યા છે. ત્રીજું કારણ એ પણ કહી શકાય કે, રસીની આડ અસર થાય તો તેઓ હોસ્પિટલ સાથે સીધા જ સંકળાયેલ હોવાથી તેમને તાત્કાલિક સારવાર મળી રહે. આમ તો બાકીના બે કારણો કલ્પના જ છે, રસીની આડઅસર ચકાસવા સરકારે કામગીરી કરી લીધી જ છે. રસીકરણ કામગીરી શરૂ થશે ત્યારે કેટલાક મવાલી લોકો સામાન્ય પ્રજાને છેતરવા માટેના ધંધા શરુ કરી દેશે. તેઓ પૈસા લઈને લોકોને રજીસ્ટ્રેશન કરવાનું કહેશે. તો સરકારની સૂચના વગર આવું રજીસ્ટ્રેશન અન્ય કોઈપણ જગ્યાએ નહિ કરાવવું જોઈએ.